| | |
|---|---|
| દાખલ તારીખ | : ૦૭/૦૧/૨૦૨૬ |
| નોંધ્યા તારીખ | : ૦૭/૦૧/૨૦૨૬ |
| હુકમ તારીખ | : ૧૬/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ ૦૦, માસ ૦૨, દિવસ ૦૯ |

## FORM -A

**મોરબીનાં ત્રીજા મહે.એડી.ચીફ જયુ.મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,મુ.–મોરબી**

**(જૈમીન જશવંતકુમાર ગઢવી)**
**ત્રીજા એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, મોરબી**
**(જીજે ૦૧૩૪૪)**
**ચુકાદાની તારીખ:૧૬/૦૩/૨૦૨૬**
**ક્રિમીનલ કેસ નં.:૧૮૧/૨૦૨૬**
**મોરબી સીટી બી.ડીવી. પો.સ્ટે. એ–પાર્ટ**
**ગુ.ર.નં.૧૧૧૮૯૦૦૪૨૫૨૨૨૦/૨૦૨૬**

| | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર |
| ફરીયાદપક્ષે વકીલશ્રી | વિ.એ.પી.પી.શ્રી |
| આરોપી | રૂગનાથભાઇ દેવજીભાઇ મકવાણા<br>રહે.મોરબી, તા.જી.મોરબી |
| આરોપી તરફે વકીલશ્રી | વિ.વ.શ્રી. એસ.ડી.સુમરા |

## FORM -B

| | |
|---|---|
| બનાવ તારીખ | ૧૭/૧૧/૨૦૨૫ |
| એફ.આઇ.આર. તા. | ૧૭/૧૧/૨૦૨૫ |
| ચાર્જશીટ દાખલ તા. | ૦૭/૦૧/૨૦૨૬ |
| ચાર્જફ્રેમ કર્યા તા. | –– |

| | |
|---|---|
| **પુરાવો ચાલુ થયા તા.** | **૨૮/૦૨/૨૦૨૬** |
| **ચુકાદો અનામત રાખ્યા તા.** | **૧૬/૦૩/૨૦૨૬** |
| **ચુકાદા તારીખ** | **૧૬/૦૩/૨૦૨૬** |
| **સજા કરી હોય તો સજા તારીખ** | **--** |

| સામાવાળા નં. | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીરવાર /નિર્દોશ | સજા | CRPC ની કલમ: ૪૨૮ માટે કસ્ટડી માં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **રૂગનાથભાઇ દેવજીભાઇ મકવાણા** | ૧૭/૧૧/૨૫ | ૧૭/૧૧/૨૫ | બી.એન.એસ.ની કલમ-૨૮૧ તથા એમ.વી.એકટ ની કલમ-૧૮૪,૧૭૭ | નિર્દોષ | -- | -- |

# FORM-C

## <u>ફરિયાદ પક્ષે/બચાવપક્ષે/કોર્ટ તરફે સાહેદ લીસ્ટ</u>

## <u>એ.અરજદાર પક્ષે સાહેદ લીસ્ટ</u>

| **આંક** | **નામ** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|
| પી.ડબલ્યુ.૧/આંક:૦૬ | ભુપતભાઇ મુળજીભાઇ દેલવાણીયા | પંચ |
| પી.ડબલ્યુ.૨/આંક:૦૮ | જલાલુદીનભાઇ દોસમહમદભાઇ લંધાણી | પંચ |
| પી.ડબલ્યુ.૩/આંક:૦૯ | અરવિંદભાઇ માવજીભાઇ ઝાપડીયા | ત.ક.અ. |

## <u>બી./સામાવાળા પક્ષે સાહેદ લીસ્ટ</u>

| **આંક** | **નામ** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|
| -- | -- | -- |

## <u>સી./કોર્ટ પક્ષે સાહેદ લીસ્ટ</u>

| **આંક** | **નામ** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|
| -- | -- | -- |

## <u>ફરિયાદ પક્ષે/બચાવપક્ષે/કોર્ટ પક્ષે આંક:</u>

## <u>એ.અરજદાર પક્ષે આંક:</u>

| **અ.નં.** | **આંક** | **વિગત** |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ૦૭ | પંચનામું |
| ૨ | ૧૦ | ફરીયાદ |

**બી./સામાવાળા પક્ષે આંક:**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| -- | -- | -- |

**સી./કોર્ટ પક્ષે આંક:**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| -- | -- | -- |

**કબજે કરેલ મુદામાલ:**

| અ.નં. | આર્ટીકલ નં. | વિગત |
|---|---|---|
| -- | -- | -- |

**તારીખ: ૧૬/૦૩/૨૦૨૬**
**મોરબી.**

**(જૈમીન જશવંતકુમાર ગઢવી)**
**ત્રીજા મહે.એડીશ્નલ સીનીયર સિવિલ જજ**
**અને એડી.ચીફ જયુડી.મેજી.,**
**મોરબી**
**(જીજે ૦૧૩૪૪)**

**-: જજમેન્ટ :-**

(૧) ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૭/૧૧/૨૦૨૫ ના કલાક ૧૨-૪૫ વાગ્યાના અરસામા આ કામે સી.એન.જી. રીક્ષા જેનો આર.ટી.ઓ. રજી નં.જી.જે.-૩૬-યુ-૬૨૧૫ વાહનના ચાલકે પોતાના હવાલાવાળુ વાહન પોતાની તથા બીજાની જીંદગી જોખમાય તે રીતે બેફીકરાઇથી રોંગ સાઇડમા વાહન ચલાવી નિકળતા મળી આવતા બી.એન.એસ.ની કલમ-૨૮૧ તથા એમ.વી.એકટ ની કલમ-૧૭૭,૧૮૪ મુજબ શિક્ષાપાત્ર ગુન્હો કરેલ. જે અંગે બી.એન.એસ.એસ. ની કલમ-૧૭૩ અન્વયે ફરીયાદ મોરબી સીટી બી.ડીવી. પો.સ્ટે. એ-પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૦૦૪૨૫૨૨૦/૨૫ થી નોંધવામાં આવેલ. તેમજ તપાસ કરનાર અમલદારે સદર કામે

ફરીયાદ કોગ્નીઝેબલ ગુનાની હોય બી.એન.એસ.એસ. ની કલમ–૧૭૫ અન્વયે તેઓને તપાસ કરવાની સત્તા હોય તપાસના કામે આરોપીઓ મળી આવતા તેઓની અટક કરી તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય બી.એન.એસ.એસ. ની કલમ–૧૯૩ અન્વયે આંક–૧ વાળુ ચાર્જશીટ નામદાર અદાલતમા કરેલ.

(૨) આ કામે આરોપીને સમન્સની ઘોરણ સરની બજવણી થતા તેઓ અદાલત સમક્ષ હાજર થતા તેમને બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ મુજબ વીના મુલ્યે પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે, ત્યારબાદ આરોપીની પ્લી આંક : ૩ હેઠળ પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. આરોપીએ પોતાની પ્લી દરમ્યાન ગુન્હો કબુલ ન હોય કેસ આગળ ચલાવવા માંગતા હોવાનું જણાવતા ક્રિ.પ્રો કોડની જોગવાઈ મુજબ ફરીયાદપક્ષનો પુરાવો લેવામા આવે છે.

(૩) **ત્યારબાદ ફરીયાદ પક્ષે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે, જે તમામ વિગત ફોર્મ–સીમાં જણાવેલ છે. બચાવપક્ષે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ નથી.**

(૪) ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રી મૌખીક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો પૂર્ણ થયાનું જાહેર કરવામા આવેલ. સદર કામે આરોપીનો બી.એન.એસ.એસ. ની કલમ–૩૫૧ મુજબ વધારાનું નિવેદન નોંધવાનો હકક બંધ કરવાની અરજી લગત હુકમ થતા આરોપીનું વિશેષ નિવેદન નોધવામાં આવેલ નથી.

(૫) આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રી ની તથા આરોપી તર્ફે દલીલ સાંભળી.

(૬) ઉપરોકત હકીકતોના ન્યાયીક નિર્ણય અર્થે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

(અ) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ તા.૧૭/૧૧/૨૦૨૫ ના કલાક ૧૨–૪૫

વાગ્યાના અરસામા આ કામે સી.એન.જી. રીક્ષા જેનો આર.ટી.ઓ. રજી નં. જી.જે.–૩૬–યુ–૬૨૧૫ વાહનના ચાલકે પોતાના હવાલાવાળુ વાહન પોતાની તથા બીજાની જીંદગી જોખમાય તે રીતે બેફીકરાઇથી રોંગ સાઇડમા વાહન ચલાવી નિકળતા મળી આવતા બી.એન.એસ.ની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટ ની કલમ–૧૭૭,૧૮૪ મુજબ શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(બ) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વે આ અદાલતનાં નિર્ણયો તેનાં કારણો સહિત નીચે મુજબ છે.

(અ) **નકારમાં.**

(બ) **આખરી હુકમ મુજબ.**

<u>–::કારણો::–</u>

<u>મુદ્દા નં.૧ :–</u>

(૮) હાલના કામે ફરીયાદપક્ષ તરફે આરોપી ઉપર **બી.એન.એસ–૨૮૧ તથા એમ.વી. એકટની કલમ–૧૭૭,૧૮૪** મુજબના શિક્ષાને પાત્ર ગુનાનો આક્ષેપ છે અને જેના તત્વો જોવા જરૂરી બને છે જે નીચે મુજબ છે.

**કલમ–૨૭૯ : સરીયામ રસ્તા પર બેકાળજીથી વાહન ચલાવવા અથવા સવારી કરવા બાબત.**

*" જે કોઈ વ્યકિત માણસોની જીંદગી જોખમમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા કે હાનિ થવાનો સંભવ હોય એવી બેફામ રીતે અથવા બેદરકારીથી સરીયામ રસ્તા ઉપર કોઈ વાહન ચલાવે અથવા સવારી કરે તેને છ મહીના સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા એક હજાર રુપિયા સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે. "*

*૧. જાહેર રસ્તા પર વાહન ચલાવવુ અથવા સવારી કરવી.*

*2. બેફામ પણે અથવા બેદરકારી પૂર્વક આવુ વાહન ચલાવવું અથવા આવી સવારી કરવી.*

*3. જે કારણે બહુજનસમુદાયની જીંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા અથવા હાની થવા સંભવ હોય.*

**<u>મોટર વ્હીકલ એકટની કલમ :–</u>**

**કલમ–૧૭૭ :– ગુનાઓની શિક્ષા માટે સામાન્ય જોગવાઈ**

*"આ અધિનિયમની અથવા તે હેઠળ કરેલા કોઈ નિયમ, વિનીમય અથવા જાહેરનામાની કોઈ જોગવાઈનુ ઉલ્લંઘન કરનાર, જો તે ગુના માટે એકસો રુપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે, બીજા અથવા ત્યાર પછીના ગુના માટે ત્રણસો રુપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે."*

**કલમ–૧૮૪ :– બેફામ કે જોખમી રીતે વાહન ચલાવવા બાબત**

*"વાહન ચલાવવામાં આવતુ હોય તે જગાના સ્વરુપ,સ્થિતિ અને ઉપયોગ તથા તે જગામાના તે વખતના ખરેખરા ટ્રાફીકના પ્રમાણ અથવા ત્યાના વાજબી રીતે અપેક્ષિત ટ્રાફીકના પ્રમાણપત્ર સહિત કોઈ કિસ્સાના તમામ સંજોગો ધ્યાનમાં લેતા, લોકો માટે જોખમી હોય એવી ઝડપે કે રીતે મોટર વાહન ચલાવનાર પહેલી વખત ગુનો સાબિત થયે,છ મહીના સુધીની કેદની અથવા એક હજાર રુપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે, અને એવો ગુનો અગાઉ કર્યાના ત્રણ વર્ષની અંદર કરેલો ત્યાર પછીનો ગુનો સાબિત થયે બે વર્ષ સુધીની કેદની, અથવા બે હજાર રુપિયા સુધીના દંડની શિક્ષાને, અથવા એ બન્ને શિક્ષાને પાત્ર થશે."*

(૯) ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શકપણે સાબિત કરવો જોઈએ તેવો ક્રીમીનલ જયુરીસપ્રુડન્સનો સ્વીકૃત સિધ્ધાત છે. નામદાર સર્વોચ્ચ અદાલતે તેઓના ચુકાદા રબિન્દુકુમાર દેય વિ. સ્ટેટ ઓફ ઓરીસ્સામાં ઠરાવેલ છે કે,

***Three cardinal principles of criminal jurisprudence are well settled namely:***

***(1) that the onus lies affirmatively on the prosecution to prove its case beyond reasonable doubt and it cannot derive and benefit from weakness or falsity of the defence version while proving its case;***

***(2) that in a criminal trial the accused must be presumed to be innocent unless he is proved to be guilty; and***

***(3) that the onus of the prosecution never shifts.***

ઉપરોકત સ્થાપિત સિધ્ધાંતને નજર સમક્ષ રાખી આ કામમાં પડેલા પુરાવાની બચાવપક્ષે થયેલ દલીલોને ધ્યાને રાખી પુરાવાનુ મુલ્યાંકન કરેલ છે.

(૧૦) આ કામના પંચસાહેદ નં.૦૧ ભુપતભાઈ મુળજીભાઈ દેલવાણીયા ને આંક–૦૬ થી તથા પંચસાહેદ નં.૦૨ જલાલુદીનભાઈ દોસમહમદભાઈ લંધાણી ને આંક–૦૮ થી સોગંધ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતની જુબાનીમાં જણાવે છે કે, આજથી થોડો સમય પહેલા પોલીસ વાળાએ તેઓને રોકી એક તૈયાર કાગળમાં સહી કરવાનું જણાવતા તેઓએ તેમાં સહી કરેલ. હાલના કામના પંચનામા બાબતે તેઓ કાઈ જાણતા નથી. તેઓને આંક–૦૭ વાળું પંચનામું બતાવવામાં આવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવે છે.

આમ, આ પંચ સાહેદોએ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કારી પુરાવો આપેલ ન હોય સદર પંચ સાહેદોને હોસ્ટાઈલ જાહેર કરી વિ એ પી પી શ્રી દ્વારા પંચ સાહેદો ની ઉલટતપાસ કરવામાં આવેલ તેમ છતાં પંચ સાહેદોએ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી.

ત્યારબાદ આ પંચ સાહેદોની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે તૈયાર પંચનામામાં સહી કરેલ તે સિવાય તેઓ કાઈ જાણતા નથી.

(૧૧) ફરીયાદપક્ષે સાહેદ નં.૦૩ અરવિંદભાઈ માવજીભાઈ ઝાપડીયા ને આંક-૦૯ થી તપાસેલ છે. તેઓ પોતાની મૌખીક જુબાનીમાં એવી હકીકતો સ્વીકારેલ છે કે, ગઈ તારીખ ૧૭/૧૧/૨૦૨૫ ના રોજ અમો તથા અન્ય પોલીસ કર્મચારી મોરબી વિસ્તારમાં ટ્રાફીક નિયમનની કામગીરી અંગે પેટ્રોલીંગ કરતા હતા તે દરમ્યાનમા માળીયા ફાટક પાસે રોડ ઉપર એક વાહન ચાલકે પોતાના હવાલાવાળુ વાહન પુરઝડપે અને બેદરકારી રીતે ચલાવી લાવી નીકળતા તેમને ઉભા રાખી નજીક માથી પંચો બોલાવી તેનુ નામ પુછતા પોતાનુ નામ અનીલકુમાર હોવાનુ જણાવેલ અને સદર ઈસમ વાહન પુરઝડપે અને બેદરકારી રીતે ચલાવતા હોય સદર ઈસમની ધોરણસર પંચનામાની રૂએ અટક કરેલી. સદર ઈસમ વિરૂધ્ધ કિશોરભાઇ મનજીભાઈ સોલગામા નાઓએ ફરીયાદ આપેલ. મને આ કામે રજુ ફરીયાદ બતાવવામા આવે છે જે હુ ઓળખી બતાવુ છુ. જેને રજુ દાખલ આંક-૧૦ આપવામા આવે છે.જે ગુનાની તપાસ તેઓએ સંભાળી લીધેલ અને લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા. આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટ મા ચાર્જશીટ કરેલ,આરોપીને જોયે ઓળખી શકુ છુ.

વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરતા એ હકીકત સ્વીકારે છે કે, એ વાત ખરી છે કે પંચોના નામ ફરીયાદ મા જણાવેલ નથી. એ વાત ખરી નથી કે બનાવવાળુ સ્થળ લોકો ના અવરજવર વાળુ અને વસ્તી વાળુ સ્થળ છે. એ વાત ખરી છે કે અમે કયા વાહન મા ગયેલા તે ફરીયાદ મા જણાવેલ નથી. એ વાત ખરી છે કે પોલીસે કરેલ કાર્યવાહીની નોંધ સ્ટેશન ડાયરી મા કરવાની હોય છે. એ વાત ખરી છે કે હાલના કામે સ્ટેશન ડાયરી ની નોંધ રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે અમારા ઉપરી અધિકારી તરફથી વારંવાર પ્રોહી તથા ટ્રાફીક અંગેના કેસ કરવાની સુચના આપવામા આવે છે અને તેની ડ્રાઈવ કરવામા આવે છે. એ વાત ખરી નથી કે સાહેદોના નીવેદન જાતે લખી લીધેલ છે. એ વાત ખરી નથી કે આરોપી બેદરકારીથી વાહન ચલાવતા મળી આવેલ નથી. એ વાત ખરી નથી કે કામગીરી

બતાવવા ખોટી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે ખોટી ફરીયાદ ના સમર્થનમા આરોપી વિરુધ્ધ ખોટુ ચાર્જશીટ કરેલ. એ વાત ખરી નથી કે સોગંધ પર ખોટી જુબાની આપુ છુ.

**(૧૨). પુરાવાનું મુલ્યાંકન**

**(૧૨.૧)** ઉપરોકત ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો જોતાં, આ કામના આરોપીઓ તા.૨૬/૧૧/૨૦૨૫ ના કલાક ૦૯–૧૫ વાગ્યાના અરસામા આ કામે બોલેરો માલવાહક જેનો આર.ટી.ઓ. રજી નં.જી.જે.–૩૩–જી.જી.–૨૦૯૩ રોડ ઉપર બેફીકરાઈથી રાહદારીની જીંદગી જોખમાય તે રીતે ચલાવી નિકળતા તપાસ દરમ્યાન મળી આવેલ હોવા અંગેની હકીકત જણાવેલ છે. તેમજ સદરહુ તમામ સાહેદોએ પોતાના મૌખીક પુરાવામાં બનાવ નજરે જોયેલ ન હોવાની હકીકત રેકર્ડ પર જણાવેલ છે. તેમજ પોતાની ઉલટતપાસમાં પણ બનાવ નજરે જોયેલ ન હોય, બનાવ કેવી રીતે બનેલ તે કહી શકતા ન હોવાનું કબુલ રાખેલ છે. જયારે આ કામે તમામ સાહેદોએ આરોપી જે વાહન ચલાવતા હતા તેના નંબર બાબતની કોઈ હકીકત રેકર્ડ પર જણાવેલ નથી. જેથી હાલના આરોપી બનાવ સમયે વાહન ચલાવતા હતા તેવી હકીકત પણ શંકા ઉપજાવે છે. નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદા બાલા ચંદા વી.સ્ટેટ ઓફ મહારાષ્ટ, એ.આઈ.આર.૧૯૬૮ એસસી ૧૩૧૯ ના ચુકાદામાં ઠરાવેલ છે કે, ***"Criminal negligence is the gross and culpable neglect or failure to exercise that reasonable and proper care and precautions to guard against any injury either to the public generally or to an individual in particular, which having regard to all the circumstances out of which the consequences has arisen, it was the imperative duty of the accused person to have adopted".***

**(૧૨.૨)** ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન કરતા ફરીયાદપક્ષના કેસ અનુસાર જે પંચ સાહેદોની હાજરીમાં આરોપી પોતાના

કબજાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવતા મળેલ હોવાનું કથન થયેલ છે તે પંચ સાહેદો એ ઉપરોકત ચર્ચા કરી તે મુજબ પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા **જીવાભાઈ ટી. વસાવા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના** ચુકાદામાં ઠરાવેલ સિંધ્ધાંત મુજબ જયારે પંચ સાહેદો પંચનામાની હકીકતોને સમર્થન આપે નહી ત્યારે પંચનામાની વિગતો અનુસાર ગુન્હો બનેલ હોવાનુ શંકાસ્પદ બની જાય છે. આ કામે સ્વતંત્ર કહી શકાય તેવા સાહેદો માત્ર પંચ સોહેદો જ છે અને જયારે તેઓ ધ્વારા જ આ કામના પં ચનામાને સર્મથન આપવામાં આવેલ નથી ત્યારે આવા સંજોગોમાં ફરીયાદપક્ષનો કેસ નબળો બની જાય છે. આમ, ઉપરોકત ચર્ચા કરી તે તમામ હકીકત ધ્યાને લેતા ફરીયાદ પક્ષ આરોપી સામે આક્ષેપવામાં આવેલ ગુનો શંકા રહિત રીતે પુરવાર કરવામાં સફળ થયેલ નથી. **નામદાર સર્વોચ્ચ અદાલતે સતીષ મહેરા વિ. દીલ્હી એડમીનીસ્ટ્રેશન ૧૯૯૬(૩) કાઈમ્સ સુપ્રિમ કોર્ટના પાન નં.૮૫** ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાતં મુજબ જયારે ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા ઉપરથી અન્ય પુરાવો નોંધવો યોગ્ય અને જરૂરી જણાતો ન હોય તેવા સંજોગોમાં અદાલતનો કિંમતી સમય વેડફાવો જોઈએ નહી.

**(૧૨.૩)** હાલના કામે તપાસવામા આવેલ પોલીસ સાહેદ ની જુબાનીનું પુરાવાકીય મુલ્યાંકન કરવામાં આવે તો હાલના કામે તપાસવામા આવેલ સદર સાહેદો પોલીસ સાહેદ છે અને તેઓએ અને ફરીયાદને અનુરૂપ પુરાવો આપેલ છે. વધુમાં,આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધવામાં અવેલ નથી. જયારે બનાવવાળું સ્થળ તે જાહેર જગ્યા છે અને સ્વતંત્ર સાહેદો મળી શકતા હોવા છતાં સ્વતંત્ર સાહેદોના નિવેદનો આ કામે નોંધવામાં આવેલ ન હોય ત્યારે પોલીસની ફરીયાદ બાબતે શંકાઓ ઉપસ્થિત થતી હોય. તેમજ પંચ સાહેદોએ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરેલ નથી. ત્યારે આ કામના આરોપી પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવતા મળી આવેલ હોવાનું પુરવાર થતું નથી. આમ, હાલના કામે ફરીયાદપક્ષની કેસની હકીકત મુજબ ફરીયાદપક્ષ ધ્વારા પંચોની હાજરીને આરોપી

પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવતા મળી આવેલ હોય તે હકીકત શંકા ઉપજાવે છે. આમ જયારે પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય હાલના કામના આરોપીઓ ફરીયાદમાં જણાવેલ જગ્યાએ પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવતા મળી આવેલ હોય તેવુ શંકારહિત પુરવાર થતુ નથી. આમ,ઉપરોકત જણાવ્યા મુજબ પંચ જે સ્વતંત્ર સાહેદ હોઈ જે ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન આપતા ન હોઈ અને પોલીસની ફરીયાદ જોવામાં આવે તો ઘણી શંકા ઉપસ્થિત થતી હોઈ હાલના કામના આરોપીઓ ફરીયાદમાં જણાવેલ જગ્યાએ પંચોની હાજરીમાં મળી આવેલ હોય તેવું શંકારહિત ફલિત થતુ નથી.

આમ,કેસની હકીકતો, પડેલ પુરાવા, કાયદાની સ્થિતિ તથા પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો હોય છે જે ધ્યાને રાખવા તેમજ આરોપીઓએ પોતાના બાચાવ પ્રી–પોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સિધ્ધાંતથી જ બતાવાનું હોય છે. જેથી આ કામે ગુનો પુરવાર કરવા ઉપર જણાવ્યા મુજબ ચુકાદાને ધ્યાને લેતા તથા સમગ્ર પુરાવો તથા રેકર્ડ ધ્યાને લેતા આ કામે આરોપી પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવતા મળેલ હોય તે હકીકત શંકા રહીત ફલિત થતી નથી જેથી આરોપીઓને યોગ્ય શંકાનો લાભ મળવો જોઈએ તેવુ અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. જેથી હાલના કેસના નિર્ણય અર્થે ઉપસ્થિત થયેલ મુદ્દાનો નિર્ણય "નકારમાં" ઠરાવી મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

(૧) આરોપી રૂગનાથભાઈ દેવજીભાઈ મકવાણા, મોરબી, તા.જી.મોરબી નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ–૨૭૮(૧) અન્વયે ભારતીય ન્યાય સંહીતાની કલમ–૨૮૧ તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ અન્વયે સજાને પાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ–૪૮૧ અન્વયે આરોપીએ રૂપીયા ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમનાં જાતમુચરકાં આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) મુદામાલ અંગે જો વચ્ચગાળાનો હુકમ કરવામાં આવ્યો હોય તો તે કાયમી રાખવાનો હુકમ કરવામાં આવે છે, અન્યથા માલીકીની ખરાઈ કરી મુળ માલીકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજ તારીખ :૧૬ માહે : માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તારીખ: ૧૬/૦૩/૨૦૨૬**
**મોરબી.**

**(જૈમીન જશવંતકુમાર ગઢવી)**
**ત્રીજા એડીશ્નલ સીનીયર સિવિલ જજ**
**અને એડી.ચીફ જયુડી.મેજી.,**
**મોરબી**
**(જીજે ૦૧૩૪૪)**